

# સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ન કલાથી સંબંધ ધર્માંધતાના ગુલામ છીએ,*
*ન સંગીતથી નાતો કટ્ટરતાના ગુલામ છીએ,*
*ગુલામ છીએ અમે ગુલામ અપી, મતપેટીનાં -*
*સમય વિનાની સીમાઓનાં અમે ગુલામ છીએ...*

હાઈકુ

*ગુજરાતમાં*
*દુષ્કર્મો - દુષ્કૃત્યોનો*
*ફેલાયો ચેપ*
*(વાયરલ ઇન્ફેકશન)*

*વર્ણ ઐક્યનાં*
*શાંત સરોવરમાં*
*નાખે પથરા*
*(સર્જે કુંડાળાં)*

## ચિંતન

**સભા વા ન પ્રવેષ્ટવ્યા વકતવ્યં વાસમંજસમ્ । અબ્રુવન્વિ બ્રુન્વાપિ નશે ભવતિ કિલ્વિષી ॥ ૧ ॥**
**તસ્માત્ સભ્યાઃ સભાં ગત્વા રાગ દ્વેષ વિવર્જિતઃ । વચસ્તથાવિધં બ્રૂયાદથા ન નરકં વ્રજેત ॥ ૨ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના 'રાજનીતિ' નામે ત્રીજા અધ્યાયનો આ શ્લોક વિધાનસભા-સંસદ કે રાજસભામાં જનારા રાજકારણીઓના માર્ગદર્શન માટે છે : પહેલી વાત તો એ કે રાજકારણ (ગંદુ જ છે) એમાં પડવું જ નહીં (એમાં સાચું ખોટું કરવું જ પડે) માટે સજ્જનનું એમાં કામ નહીં, પડ્યા પછી ખોટું બોલવું નહીં, કારણ કે સમાજમાં બનેલી સત્ય ઘટના અંગે પણ (જો તમે પ્રજાના પ્રતિનિધિ તરીકે) બોલો નહીં તો કે ખોટું બોલો તો પણ પાપમાં પડો છો... (૧)

- માટે રાગ-દ્વેષ વિનાના બનીને (ભલે તમે કોઈ પણ પક્ષમાંથી ચૂંટાયા હોય છતાં ચૂંટાયા પછી તો તમે) તટસ્થ પ્રજાના માત્ર પ્રતિનિધિ જ છો પક્ષના નહીં. આથી સંસદ-વિધાનસભા કે રાજયસભામાં જઈને તો તમારે દરેક ઘટના અને પ્રજાની સાચી પરિસ્થિતિ માટે સાચું જ - તટસ્થ રહીને બોલવું જોઈએ. તો નરકમાં જવાનો વારો નહીં આવે... (૨)

## સુવિચાર

- નિંદાથી કોઈનું કલ્યાણ થયું હોય એના ઉદાહરણનું આજ સુધીમાં કયાંક આલેખન થયું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ જેટલી સહજતાથી સલાહ આપે છે... એટલી સહજતાથી બીજું કશું જ આપી નથી શકતો... - **ફેસબુક**
- બીજો માણસ આપણામાં વિશ્વાસ મુકી શકે એટલી ઊંચાઈ પ્રાપ્ત કરવી એનું નામ જ સફળતા - **ફાધર વાલેસ**
- માણસ સવારથી સાંજ સુધી કામ કરીને એટલો થાકતો નથી જેટલું ક્રોધ, ચિંતા ના કારણે એક કલાકમાં થાકી જાય છે - **નવનીત**
- મહાન બનવાની લાલસા તો દરેકમાં છે... પણ માણસ પહેલા ખરો માણસ બનવાનું ભૂલી જાય છે - **શ્રી માતાજી**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

'આપણે આપણી રોજીંદી ક્રિયાઓ, વર્તન-વિચારમાં-હું આમ કરીશ/બોલીશ તો સામેની વ્યક્તિને કેવું લાગશે એનો વિચાર કરતા જ નથી. હંમેશા બીજાનો-તેની સુવિધા-તકલીફનો પણ વિચાર કરવો જોઈએ. લેખક ધૂમકેતુએ - 'અલી ડાસા' (વાર્તા) માં લખ્યું છે, માણસ જો બીજાની દષ્ટિએ પણ વિચાર તો દુનિયાના અર્ધા દુઃખ ઓછાં થઈ જાય.'

એક મૂર્તિકાર રાજાને ત્રણ માટીની મૂર્તિ ભેટ આપી ગયો. રાજાને ખૂબ પ્રિય હતી, એનું જતન કરતો. એની સાફસફાઈ માટે ખાસ સેવકને ખાસ સૂચના હતી.

એક દિવસ સાફ કરતાં કરતાં સેવકના હાથમાંથી એક મૂર્તિ પડી ગઈ. માટીની જ હતી. કટકે કટકા થઈ ગયા. રાજા કોપાયમાન થયો. મૃત્યુદંડની સજા કરી. મૃત્યુ દંડની સજા સાંભળતા જ સેવક દોડ્યો અને - બીજી બે મૂર્તિ પણ નીચે પછાડી તોડી નાખી. રાજાએ આ જાણ્યું અને ખૂબ આશ્ચર્ય થયું. સેવકને બોલાવી, આમ કરવાનું કારણ પૂછ્યું...

સેવક કહે - મહારાજ, મૂર્તિ માટીની જ હતી. આજે મને મૃત્યુદંડ થયો. કાલે બીજા બે કોઈ સેવકથી આ બીજી મૂર્તિ તૂટી જાય તો એમને પણ મૃત્યુદંડ થાય એટલે એમનો જીવ બચાવવા મેં બીજી બે મૂર્તિ તોડી નાખી છે... મને તો મૃત્યુદંડ થયો જ છે. સેવકની વિચાર-દષ્ટિથી ખૂશ થઈ રાજાએ સજા માફ કરી.

# કલાકારને સરહદોમાં બાંધવાની કોશિશ

ગુલામ અલી જેવા વિશ્વકક્ષાના ગઝલ ગાયકને મુંબઈ અને પુણે જેવાં શહેરોમાં પૂર્વનિશ્ચિત સ્વર સંધ્યાનો કાર્યક્રમ રદ કરવો પડ્યો છે તેથી કોઈ પણ સંવેદનશીલ માનવીને વ્યથા જ પહોંચે. મહારાષ્ટ્ર સરકારે ગુલામ અલીને સુરક્ષા ઉપલબ્ધ કરાવવાની ઑફર જરુર કરી હતી પરંતુ એનો હોંકારો બોદો હતો. મુખ્યમંત્રી ફડણવીસ ખોંખારો ખાઈને શિવસેનાને પડકારી શકે એ વાતમાં માલ નથી, એટલું તો ગુલામ અલીના ચાહકો પણ સમજતા હોય અને આયોજકોને આવા મોટા ગજાના કલાકારને ઘરઆંગણે નોતરી અપમાનિત થતો જોવા કરતાં કાર્યક્રમ બંધ રાખવામાં જ શાણપણ વરતાય એ પણ સમજી શકાય એવું છે. શિવસેનાનો તર્ક ઘણા બધા દેશવાસીઓને ગળે ઊતરે એવો છે : ગુલામ અલીની સામે એને કોઈ જ વાંધો નથી, બલકે ઘણા બધા શિવસૈનિકો અને કદાચ ખુદ સ્વ. બાળાસાહેબ ઠાકરે પરિવારના સભ્યો ગુલામઅલીની ગાયકી પર ફિદા હશે. પ્રશ્ન એટલો જ કે એ પાકિસ્તાની નાગરિક છે અને પાકિસ્તાને પાડોશી દેશ સ્તરીકે કલ્પી પણ ન શકાય એવી જંગાલિયતભર્યું

## તંત્રીસ્થાનેથી....

વર્તન ચાલું રાખ્યું છે. હવે તો એણે માઝા મૂકી દીધી છે અને ભારત સાથે કોઈ પણ સંજોગોમાં આરપારની લડાઈ કરવાની દાનત સ્પષ્ટ કરી દીધી છે. કાશ્મીરની સરહદ બારે માસ સળગતી રાખીને એ દુનિયામાં ભારતને વધુ ને વધુ બદનામ કરવા પ્રયત્નશીલ છે. આવા પાડોશી સાથે વાટકી વહેવાર તો શું, બોલવા-ચાલવાનો સંબંધ પણ ન જ રખાય, તે અભિગમ ઘણાને વાજબી લાગવાનો. અગાઉ શિવસેનાએ પાકિસ્તાની ટીમને મુંબઈમાં નહીં પેસવા દેવાનો કાર્યક્રમ આપેલો તે મુજબ અત્યારે ગુલામ અલીને જાકારો આપવાનું વલણ અપનાવ્યું છે. પરંતુ ગુલામ અલી જેવા કલાને સમર્પિત ગઝલ ગાયકને એમના બદમાશ અને બદમાશ દેશ સાથે જોતરી જાકારો આપવો તે યોગ્ય નથી. સાહિત્ય-સંગીત જેવી કલાઓના ઉપાસકોને તો આખું બ્રહ્માંડ પોતીકું લાગે. એમને કોઈ સરહદોમાં બાંધવા એ સરસ્વતીનું અપમાન જ ગણાય. ગુલામ અલી માટે હિંદુસ્તાન-પાકિસ્તાન જેવા વહેરાવંચા ન જ હોય. બલકે ખુદ ગુલામ અલી કબૂલશે કે એમના દેશ કરતાં હિંદુસ્તાને એમને વધારે શાનોશૌકત અને સ્નેહ આપ્યાં છે. મુંબઈ-પુણેમાં વસતા એમના પ્રશંસકોને શિવસેનાની રાક્ષસી તાકાત સામે ઝૂકી જવું પડ્યું છે અને કાર્યક્રમો બંધ રાખવા પડ્યા છે. પરંતુ એથી આપણી સંસ્કારિતા લજવાઈ છે. આ મુદ્દે વડાપ્રધાને એમના રાજકીય સહયોગીઓ સાથે ચર્ચા કરવી જોઈએ. દેશની આબરૂને ધક્કો પહોંચ્યો છે. ગુલામ અલી કોઈ હાફિઝ સઈદ કે લશ્કરે તૈયબા સાથે સંકળાયેલા કલકાર નથી. અકસ્માત એ કે તેઓ પાકિસ્તાનમાં જન્મીને પાકિસ્તાનમાં જ વસી ગયા છે. નહીંતર દિલીપકુમાર જેવા પદ્મવિભૂષણ અને નિશાન-એ-પાકિસ્તાન જેવા બેવડાં સમ્માન મેળવવાની લાયકાત ધરાવનારા કલાકારે સમજણપૂર્વક માદરેવતન છોડી માયાનગરીમાં જ વસવાટ કરવાનો વિકલ્પ કયાં નથી સ્વીકાર્યો? શિવસેના આવાં અટકચાળાં કરીને પોતાના દેશપ્રેમી ચહેરો પ્રગટ કરવા મથે છે પરંતુ એનાં એની ગંદી રાજનીતી જ ડોકાઈ રહી છે. હિંદુત્વ અને રાષ્ટ્રવાદના મુદ્દે શિવસેના ગુલામ અલી જેવા સંગીતના ઓલિયાને જાકારો ભણી રહી છે. પાકિસ્તાન દુશ્મન દેશ છે એ સાચું. એને કડક બોધપાઠ ભણાવવાની જરુર છે, એ મુદ્દે પણ સૌ સહમત થશે. પરંતુ પાડાના વાંકે પખાલીને ડામ આપવાનો કોઈ અર્થ ખરો? પાકિસ્તાન સામે વાંધો છે એનો બદલો ગુલામ અલીને જાકારો આપીને વાળવાનો? ગુલામ અપીને પણ શિવસેનાના આવા વ્યવહારથી ઊંડો આઘાત પહોંચ્યો છે. સંગીત જેવી કલાને સરહદ ન જ હોય. એમણે સાચું જ કહ્યું છે કે મને સરહદે આવતો રોકી શકશો, મારા અવાજને કઈ રીતે અટકાવશો? ગુલાણ અલીનો મુંબઈ-પુણેનો કાર્યક્રય રદ થવાની જાહેરાત સાથે જ કેજરીવાલ સરકારે એમને દિલ્હીમાં કાર્યક્રમ યોજવા ભાવભીનું નોતરું પાઠવી દીધું છે. અજાણતાં જ એક નિર્દોષ કલાકારના નામે હિંદુસ્તાનમાં ગંદુ રાજકારણ ચાલુ થઈ ગયું છે!

# શિક્ષણ પદ્ધતિમાં સમજુ વિદ્યાર્થીઓની સલાહ લેવી, તેઓની સૂચના માગવી, જરૂરનું જોઉં છું : ગાંધીજી

હાલમાં માનવ સંસાધન મંત્રાલય દ્વારા દેશમાં નવી શિક્ષણ નીતિ સંદર્ભે પ્રબુદ્ધ નાગરિકો અને દેશભરના વિવિધ રાજયોનાં અધ્યાપકો આચાર્યશ્રીઓ પાસેથી સૂચનો મેળવવામાં આવી રહ્યા છે. નવી શિક્ષણ નીતિ સંદર્ભે સૂચનો મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે મહાત્મા ગાંધીની વિચારનીતિ શિક્ષણ પરત્વે કેવી હતી એ આજના લેખમાં આપણે જોઈએ.

વૈશાખ વદ અગિયાર, ૧૭ મે, ૧૯૧૭ના બેતિયા બિહારથી ગાંધીજી તેમના સાથી નરહરિ પરીખને જે પત્ર લખે છે તેમાં શિક્ષણ વિશે વિચાર રજૂ કરતાં જોવા મળે છે. પરીખને ગોપાલકૃષ્ણ ગોખલેના ભાષણોનો તરજુમો અને શિક્ષણ બંને કામ સોંપાયા હતા આને ધ્યાનમાં લેતા તેઓ કહે છે, શિક્ષણ અને ભાષણોમાં ભાષાંતર આ બંને કામનો બોજો તમારાથી ઉપાડાય એ બાબતે મને શંકા છે. પત્રની શરુઆતમાં બે લીટી પછી સીધો જ શિક્ષણ સંબંધે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપતા તેઓ કહે છે કે શિક્ષણ વિષે મારા વિચારો બહુ આકરા છે. આપણે શિષ્યોમાં જો આપણો આત્મા રેડવા ઈચ્છીએ તો તેઓને શિક્ષણનું જ મનન નિરંતર કરવું જોઈએ.

ગાંધી શિક્ષણ અને વિદ્યાર્થીને ગુરુ-શિષ્યના રુપે જ જોતાં હતા. વિદ્યાર્થીઓ ઉપર રોષ ન કરીએ, એવી શિખ આપતા કહે છે, આપણું તેઓને, (શિક્ષકે વિદ્યાર્થીને) સારામાં સારી ભાષામાં, જે આપવાનું હોય તે દિન પ્રતિધિન આપીએ તેમાં આપણો બધો કાળ ચાલ્યો જાય. શિક્ષક પોતાની જાત નિચોવીને પોતાના વિદ્યાર્થીઓને શિક્ષણથી તરબતર કરે અને એમાં જ શિક્ષકનો સંપૂર્ણ સમય જવો જોઈએ. એ સમયે પણ શિક્ષણ પદ્ધતિ બદલવાના વિચારો ફેલાયા હતા. એ વિચારોનો પડઘો પાડતાં ગાંધી પત્રમાં લખે છે : ''આપણે હમણાં તો પદ્ધતિનો પણ વિચાર કરવાનો રહ્યો. નવી રીતે જ બધું આપવૌનું.'' ને પાછા નોંધે છે કે 'આ તો હું તમારી ને બધા શિક્ષકોની ભવિષ્યની જવાબદારીને અંગે લખી નાખું છું.'

ગાંધીજી શિક્ષણ સંબંધે વિચારોનો દૌર આગળ ચલાવતા લખે છે - બધા શિક્ષકોએ અઠવાડિયે એક વખત તો મળીને અરસપરસના અનુભવની આપ-લે કરી યોગ્ય ફેરફાર કરવા ઘટે તે કરવાની જરુર રહેશે. જુદા જુદા વિષયોના શિક્ષકો તેમના વિષયને જયારે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને ભણાવતા હોય એ અનુભવો અન્ય વિષયના શિક્ષકો સાથે સંવાદ સાથે અનુભવ આપલે કરવા પર તેમણે ભાર મૂક્યો હતો.

શિક્ષકો એકબીજા સાથે એકબીજાના વિષયો સંદર્ભે અંદરોઅંદર ચર્ચા કરે તેની સાથે તેમણે એવી પણ આશા વ્યક્ત કરી હતી કે શિક્ષણ પદ્ધતિમાં સમજુ વિદ્યાર્થીઓની સલાહ લેવી. તેમની સૂચના માગવી, જરુરનું જોઉં છું - આ વિચાર સાથે શિક્ષણ જેમને આપવાનું છે એવા વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રાપ્તિના કાર્યમાં જોડવાના વિચાર વ્યક્ત કર્યો હતો. માત્ર વિચાર પણ નહીં એથી આગળ વધીને સમજુ વિદ્યારઅથીઓની સામેલગીરીને જરુરી પણ લેખી હતી એવી સ્પષ્ટતા કરવી ઘટે.



ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

શિક્ષકોએ પોતે તેમના કામમાં રહેલા વિષયો જેમાં પોતે અજ્ઞાન હોય તે કરી લેવા ઈજન આપતા ગાંધી વધુમાં લખે છે ખાસ કરીને હિંદીની જરૂરિયાત આ કાર્યમાં સવિશેષ છે. ભારતીયોને જોડતી ભાષા તરીકે હિંદીનું મહત્ત્વ કશાય શબ્દના આડંબર સ્પષ્ટ કરતા તેઓ કહે છે, હિંદી વિનાનું શિક્ષણ તદ્દન અધુરું છે, હિંદી વિનાનું શિક્ષણ તદન અધુરું છે એમ મને તો હંમેશા સાબિત થયા કરે છે.

હિંદીની સાથોસાથ ગુજરાતીનું મહત્ત્વ પણ ધ્યાનમાં લેતા ગાંધીજી કહે છે, શિક્ષકોનું ગુજરાતી ઘણું ઊંચે દરજ્જે ચડે, પુરાણાં ગુજરાતી પુસ્તકો સહેલાઈથી સમજી શકાય તેને સારું જો આનંદશંકર ધ્રુવ કે કેશવલાલ ધ્રુવ (દિવાન બહાદુર) એક કલાક હંમેશા કે અઠવાડિયાના અમુક કલાક આપે તો સારું એમ લાગે છે. ગુજરાતીમાં કેટલે સુધી આપણે આગળ વધી શકીએ છીએ, સારાં પુસ્તકો કોને કહેવા, નવા શબ્દોમાં તરજુમા શું કરવા એ બધાનો વિચાર આ વિદ્વાનોના વાર્તાલાપ થકી થઈ શકશે એવી આશા તેઓ વ્યક્ત કરે છે. શિક્ષકોને કેટલુંક સમજાવવામાં મુશ્કેલી આવતી હોય તેનો નિર્ણય આવા વિદ્વાનો સાથેના વિચાર વિમર્શ થકી મેળવી શકાય તેવો ઉલ્લેખ પણ તેઓ કરે છે. આમ કરવાથી ગુજરાતી ભાષાના સ્તંભો પણ વધારે પ્રકાશ પામશે ને કેટલુંક તેઓને નથી વિચાર્યું તે વિચારવાનો તેમને પ્રસંગ આવશે. શિક્ષકોની પરિભાષા એક થશે અને જોડણી વગેરેનો નિર્ણય થશે. હાલ તો આપણે બધાને સારું

**અનુસંધાન પાના નં. ૭ પર**

# જીંદા બાપ કો કોઈ ના પૂજે, મરે બાપ પૂજવાયા, મુઠ્ઠીભર ચાવલ કો લેકર કૌવે કો બાપ બનાયા!




*મંદિર મેં ફૂલ ચઢાકર આયે*
*તો યે અહેસાસ હુઆ :*
*પથ્થર કો મનાને મેં*
*ફુલોકા કત્લ કર આયે હમ,*
*ગયે થે ગુનાહ કી માફી માંગ ને*
*વહાં એક ઔર ગુનાહ*
*કર આયે હમ !*

**... (વૉટ્સ એપ)**

જીવતાં મા-બાપને પરેશાન કરતાં અને પછી શ્રાદ્ધ વેળા દૂધપાકની જયાફત ઉડાડતાં સંતાનોની પીઠે કબીર સાહેબે જોરદાર ચાબખો માર્યો છે.

નાના હતા ત્યારે દૂધપાક અને પૂરી ઘરમાં બને એટલે ખાવાની મજા પડે. તે શા કારણસર બનાવી છે તેની પૂછપરછ કોઈ નહોતું કરતું. અમારા ગોઠિયાઓમાં જેની ઘરે દૂધપાક અને પૂરી બને તેની ઘરે બધા જ પહોંચી જતા. લગભગ પંદર દિવસ જયાફત ઉડતી. મજા પડતી.



અદબ-પલાઠી મોં પર આંગડી
ડૉ. સંતોષ દેવકર

નાના હતા ને પ્રાથમિક શાળામાં ભમતા હતા ત્યારે પદ્માબેન નામના શિક્ષિકા 'કાગડો' પાઠ ચલાવતા અને કાગવાસમાં પૂરી અને દૂધપાક કાગડાને ખવડાવવો એવી વાત કરતાં. ત્યારે અમે ગોઠિયાઓ એકબીજા સામે જોતાં-વિચારતાં કે કાગડાંને વળી શું કામ ? દૂધપાક તો અમે જ ઝાપટી જઈએ છીએ.

એક પ્રસંગ યાદ આવે છે : દીકરો પોતાની માના શબને સ્મશાને લઈ જાય છે. સ્મશાન યાત્રા આગળ વધે છે. સ્મશાનેથી વિધિ પતાવી પાછા આવીને દીકરાને માને જયાં રાખી હતી - તેના વિશાળ બંગલાની બાજુમાં - એક કોટડીમાં ત્યાં જાય છે. થોડાક સાફસૂફી અને કોઈ સામાન હોય તો તે માટે, તે જુએ છે કે અહીં લટકાવેલો એક ઘંટ નથી. ઘંઠ એટલા માટે લટકાવાલો કે નાની કોટડીમાં રહેતી મા ને કાંઈ જરુર પડે તો તે ઘંટ વગાડતી જેથી બાજુના બંગલામાંથી દીકરો આવે અને જે જોઈતું હોય તે આપે કયારેક નાનો પૌત્ર પણ આવે. હવે મા તો છે નહિ. તો ઘંટની શી જરુર ? પણ ઘંટ ગયો કયાં ? શોધખોળ ચાલી. તેનો નાનો દીકરો બગીચામાં રમતો હતો તે આવ્યો અને પૂછ્યું - પપ્પા, શું શોધી રહ્યા છો ? અને દીકરા અહીં બા માટે ઘંટ લટકાવેલો તે જડતો નથી. એ તો મેં મારી પાસે રાખ્યો છે. દીકરાએ જવાબ આપ્યો. કેમ ? એ તો હું મોટો થઈશ ને પછી તમને અહીં કોટડીમાં રાખીશ અને તમને કાંઈ પણ જોઈતું હોય કે જરુર પડે તો તમે પણ ઘંટ વગાડજો એટલા માટે.

એક મા-ચાર પુત્રોને સાથે રાખી શકે છે. પરંતુ ચાર પુત્રો એક મા ને સાચવી શકતાં નથી. જીવનની કરૂણતા છે. વૃદ્ધાશ્રમો વધી રહ્યા છે. એમાં 'વેઈટીંગ લીસ્ટ' ચાલે છે. ભારતીય સંસ્કૃતિ માટે આજે સૌથી મોટો પડકાર કોઈ હોય તો તે છે વિભક્ત કુટુંબ. કુટુંબોમાં ઉદ્‌ભવતી સમસ્યા સમાજમાં પહોંચે ને પછી સંસ્કૃતિ પર અસર કરતી હોય છે. શ્રાદ્ધ પક્ષ દરેક કુટુંબમાં ઉજવાય છે અને વિધિઓ વિધિવત થાય છે.

શ્રાદ્ધપક્ષના ચોક્કસ દિવસે મૃત મા-બાપને યાદ કરવામાં આવે છે. લાખ રૂપિયાનો સવાલ એ છે કે માબાપ જીવતાં હતા ત્યારે શું કર્યું ? આજે દૂધપાક અને પૂરી કાગડાને જમાડીને સંતોષ માનવામાં આવે છે. આમ ન કરવું જોઈએ એવો કહેવાનો અર્થ નથી અને મનીષા પણ નથી.

દરેક પત્ની ઈચ્છે છે કે એનો ભાઈ શ્રવણ અને બને પરંતુ પોતાનો પતિ શ્રવણ ના બની જાય તેનું બરોબર ધ્યાન રાખે છે. આપણા કુટુંબની એ કરૂમતા છે, કે મા-બાપ એવું ઈચ્છે કે પોતાનો દીકરો શ્રવણ બને પરંતુ પોતાનો જમાઈ શ્રવણ બને તે એમને ગમતું નથી.

હિંદુઓના કેટલાક કુટુંબોમાંતો મર્યા પછીની કોઈ વિધિ કરવામાં આવતી જ નથી. જયારે કેટલાક કુટુંબો માણસના મર્યા બાદની પંદર પંદર દિવસની વિધિમાં પાયમાલ થઈ જતાં હોય છે. એક તો બિમારી ને દવાખાનાના બીલ ભરેલા હોય તે ઉપરાંત સમાજ લાજે કે (લોકલાજે) કરવી પડતી ખર્ચાળ વિધિ.

આજના યુવા ને સમજાવવો અઘરો છે કે કાગડાને દૂધપાક અને પૂરી ખવડાવવાથી દે દાદા-દાદીને પહોંચે છે. તેના મગજમાં નથી આવતું કે દાદા-દાદી જીવતા હતા ત્યારે તેમનો તિરસ્કાર કેમ કરવામાં આવતો ? દાદા-દાદીની વાત ઘરમાં કેમ કોઈ સ્વીકારતું નહોતું? પપ્પા વાતે ને વાતે દાદાને કેમ ઉતારી પાડતાં હતા ? મમ્મી દાદીને વાતે કેમ મોં મચકોડતી હતી ? આજે કાગડાને પૂરી ખવડાવતી વખતે પપ્પાની આંખે ઝળઝળિયા કેમ આવી ગયા ? કાગડાને દૂધ પૂરી ખવડાવવાથી દાદા-દાદીને પહોંચે ? એવું બને ખરું ? કાગડાને ખવડાવવાથી દાદા રાજી થાય ? તો પછી દાદા જીવતાં હતા ત્યારે જ તેમને ...!!! આ અને આવા અનેક પ્રશ્નો યુવા પાસે છે. જેના જવાબો મા-બાપ પાસે નથી. આ સમસ્યા દરેક પેઢીની છે. એક પેઢી પ્રશ્નો કરે છે ને બીજી પેઢી મૌન છે. કયાં સુધી ? કયાં સુધી મૌન રાખશું ? જવાબ તો આપવો જ પડશે ને ?

**(શીર્ષક પંક્તિ : સંત કબીર સાહેબ)**

**મિસરી -**
**એક ઘડી ખરીદકર**
**હાથમેં કયાં બાંધલી,**
**વક્ત**
**પીછે હી પડ ગયા મેરે !**
(sms - નીરવ હર્ષદભાઈ જોષી)

# તિરાડ પડે મકાનમાં કે સંબંધોમાં, એક ધ્વસ્ત થઈ, બીજું તરડાઈ જાય છે ! રેતીના મહેલ જેવાં, સજાવેલ સમણાં, વિખેરાઈને, ચૂરચૂર થઈ જાય છે !

ગાંધીનગર સાહિત્ય સભના સંવર્ધક સભ્ય અને વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટના પ્રમુખ અમૃતભાઈ જી. મોઢનું તા. ૨.૧૦.૨૦૧૫ના રોજ દુઃખદ નિધન થતાં, ગાંધીનગર સાહિત્ય સભા પરિવાર ઘેરા દુઃખ અને ઊંડા આઘાતની લાગણી અનુભવે છે. તેઓ અનંતની યાત્રાએ ઉપડી જતાં, નગરે એક કર્મઠ-સેવાભાવી આપ્તજન ગુમાવ્યો છે. ગાંધીનગર સાહિત્ય સભાના પદાધિકારીઓ અને મહદ સભ્યશ્રીઓએ તેઓનો શોકાંજલિ પાઠવી હતી. તેઓશ્રીના દિવ્ય આત્માને સો સો સલામ અને ગાંધીનગર સાહિત્ય સભા પરિવાર તરફથી અંતઃકરથી શ્રદ્ધાંજલિસહ શ્રદ્ધાસુમન અર્પણ.

### સાહિત્યવૃત્ત સંચય

● મા ગરવી ગુર્જરીના ગુજરાતી સાહિત્યને જીવંત, મહેકતું અને હરદમ મધમધતું રાખવા, ગાંધીનગર સાહિત્યસભા દ્વારા તેના કાર્યક્રમ 'સર્જકની કેફિયત' અંતર્ગત પાટણના કવિ અને ભાલણ સાહિત્ય સભાના સ્થાપક અને સંચાલક પ્રા. જિતેન્દ્ર કાલીદાસ વ્યાસનો 'સાહિત્યિક કાર્યક્રમ તા. ૧૧.૧૦.૨૦૧૫ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગે, નયન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે સંસ્થાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ છે; જેમાં પ્રા. જિતેન્દ્ર વ્યાસ તેઓના કાવ્ય સંગ્રહ 'ભમ્મરિયું મધ'માં સમાવિષ્ટ થતા અન્ય કાવ્યોનું સ્વમુખે પઠન કરશે. આ કાર્યક્રમનો રસાસ્વાદ માણવા સભ્યશ્રીઓ, સાહિત્યકારો-ભાવકોને પધારવા જાહેર હાર્દિક નિમંત્રણ છે.



● ગાંધીનગર સાહિત્ય સભાનું ગૌરવ નટવર હેડાઉ 'વનવિહારી' એક કવિ ઉપરાંત બાળ સાહિત્યકાર પણ છે. તાજેતરમાં, રાજસ્થાનના સલુમ્બર ખાતે રાષ્ટ્રીય બાળ સાહિત્યકાર સંમેલન ૨૦૧૫ યોજાઈ ગયું. જેમાં બાળ સાહિત્યકાર નટવર હેડાઉએ 'આજના હાઈટેક યુગમાં બાળક માટે કેવું સાહિત્ય આવશ્યક છે.' તે વિષય પર વ્યક્તવ્ય રજૂ કરતાં, દેશની અન્ય ભાષાઓમાં રચાતા બાળ સાહિત્ય અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ સંમેલનમાં વાર્તા, કવિતા, બાળકથા માટે હિન્દી અને રાજસ્થાની ભાષા માટેના સ્વાતંત્ર્ય સેનાની ઓમકાર શાસ્ત્રી સ્મૃતિ પુરસ્કાર, સલિલા વિશિષ્ટ સાહિત્યકાર સન્માન અને સલિતા સાહિત્ય રત્ન સન્માન ૨૦૧૫ સાહિત્યકારો-કવિઓને એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ યુગધારા ઉદયપુરના સંસ્થાપક ડૉ. જયપ્રકાશ પંડ્યાની ઉપસ્થિતિમાં ઉદયપુરના સાંસદ અર્જુનલાલ મીણાના મુખ્ય અતિથિપદે યોજાયો હતો અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત ઉડીસાનાં સાહિત્યકાર દિનેશ માલીએ બીજરુપ વક્તવ્ય આપ્યું હતું અને 'સલિલા પ્રવાહ' સ્મરણિકાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

હિન્દી સાહિત્યમાં, ગુજરાતી કવિ નટવર હેડાઉને મળેલ આ બહુમાન ગાંધીનગર સાહિત્ય સભા અને નગર માટે ગર્વની બાબત છે. તેઓશ્રીને સાહિત્ય સભા પરિવાર તરફથી ખૂબ ખૂબ અંતરના અભિનંદન અને શુભેચ્છાઓનો રસથાશ સાદર અર્પણ.

● ગાંધીનગર સાહિત્યસભાના આજીવન સભ્ય, દલિત સાહિત્યકાર અને દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને નિવૃત્ત આઈએએસ પ્રવીણ ગઢવીને તેમની અનન્ય સાહિત્ય સેવાઓ બદલ, સત્યેશ્વર મહાત્મા ગાંધી ફાઉન્ડેશન અને કવિ ડાહ્યાભાઈ પટેલ સાહિત્યરત્ન સુવર્ણચંદ્રક ટ્રસ્ટ, વડોદરાના ઉપક્રમે અમદાવાદ ખાતે યોજાયેલ એક સમારોહમાં 'સાહિત્ય રત્ન સુવર્ણ ચંદ્રક' એનાયત કરવામાં આવ્યો.



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

તેમની આ સાહિત્ય સેવા અને તેમાંય ખાસ કરીને દલિત સાહિત્યમાં બજાવેલ સેવા બદલ સાહિત્ય સભા તથા નગર માટે ગર્વની બાબત છે. ગાંધીનગર સાહિત્ય સભા પરિવાર તરફથી તેઓશ્રીને ખૂબ ખૂબ અંતરના અભિનંદન અને શુભેચ્છાઓનો દધિ છલકતો રસથાળ સાદર અર્પણ.

● આકાશવાણી, હિંમતનગર દ્વારા તરૂણ શુક્લ નિર્મિત અને ગાંધીનગર સાહિત્ય સભાના કા. સભ્ય અને નાટ્યકાર ભીખુ કવિ લિખિતિ 'સાબરધારા' ધારાવાહિક શ્રેણી અંતર્ગત 'સાબરનાં સાહિત્યરત્નો' વિભાગમાં ડૉ. ભગવાનદાસ પટેલ અને પાટનગરના રહેવાસી અને ખ્યાત સાહિત્યકાર - નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈની મુલાકાત રેકોર્ડ કરવામાં આવી છે, જેનું પ્રસારણ આકાશવાણી, હિંમતનગરની એફ.એમ. ચેનલ પરથી કરવામાં આવશે. આ સર્વેને સાહિત્યસભા પરિવાર તરફથી અંતરના ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓનો દધિ છલકતો રસથાળ સાદર.

**દધિ મુક્તક**

**તિરાડ પડે મકાનમાં કે સંબંધોમાં -**
**એક ધ્વસ્ત થઈ, બીજું તરડાઈ જાય છે !**
**રેતીના મહેલ જેવાં, સજાવેલ સમણાં -**
**વિખેરાઈને, ચૂરચૂર થઈ જાય છે !**

**સંતવાણી**

**કબીર કમાઈ આપની, કબહું ન નિષ્ફળ જાય,**
**સાત સમુદ્ર આડા પડે, મિલે અગાડી આપ !**
**- કબીર**

**અપબલ, તપબલ ઔર બાહુબલ, ચૌથા હૈ બલ દામ,**
**સૂર કિશોર કૃપા સે સબ બલ, હારે કો હરિનામ**
**- સુરદાસ**